# કોલવડામાં બંધ મકાનમાંથી દારૂનો મસમોટો જથ્થો પકડાયો

## રૂ. ૪.૫૦ લાખની કિંમતની ૧૨૫ પેટી દારૂ જપ્ત : બુટલેગર વોન્ટેડ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર નજીક સ્થિત કોલવડા ગામમાં પટેલ ભાગોળ વિસ્તારમાં એક બંધ મકાનમાં દારૂનો મોટો જથ્થો સંતાડવામાં આવ્યો હોવાની બાતમીને આધારે સે. ૨૧ પોલીસ અને પેથાપુર પોલીસની ટીમે દરોડો પાડી રૂ. ૪.૫૦ લાખની કિંમતનો દારૂનો મસમોટો જથ્થો પકડી પાડ્યો છે. વિદેશી દારૂની ૨૨૫ પેટી જપ્ત કરીને પેથાપુર પોલીસે બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

સેક્ટર-૨૧ પોલીસમથકના પીએસઆઈ. સી.બી. ચૌહાણ તથા પેથાપુર પોલીસમથકના સિનિ. પીએસઆઈ ડી.બી. વાળાની ટીમે આજે બાતમીને આધારે કોલવડા ગામમાં દરોડો પાડ્યો હતો. કોલવડામાં પટેલ ભાગોળ ખાતે વેરાઈ માતાજીના મંદિર સામે એક ગોડાઉન જેવા બંધ મકાનમાં દરોડો પાડી તપાસ કરતાં તેમાંથી ૧૨૫ પેટી વિવિધ બ્રાન્ડનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. રૂ. ૪.૫૦ લાખની કિંમતના દારૂની પેટીઓ જપ્ત કરી તપાસ કરતાં આ દારૂનો જથ્થો બુટલેગર જયેશ મફા પટેલનો હોવાનું બહાર આવ્યું છે. ફરાર બુટલેગર સામે પેથાપુર પોલીસે ગુનો દાખલ કરીને તેની શોધખોળ શરૂ કરી છે.



# મેડીકલ સ્ટોર્સ પર હવે ફાર્માસીસ્ટની હાજરી ફરજિયાત

## ફાર્મસી એક્ટના સેક્શન ૪૨ મુજબ ફાર્મસી ઈન્સ્પેક્ટરની નિમણૂંક કરાઈ : ફાર્માસીસ્ટ ગેરહાજર હશે તેવા મેડીકલ સ્ટોર્સનું લાયસન્સ રદ કરાશે : ફાર્માસીસ્ટ એસોસિએશનની લડતને સફળતા

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતના મોટા ભાગના મેડીકલ સ્ટોર્સમાં ફાર્માસીસ્ટની હાજરી વગર જ દવાઓનું વેચાણ થતું હતું જેના કારણે નાગરિકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસરો પડતી હતી. વર્ષોથી રાજ્યમાં ફાર્મસી ઈન્સ્પેક્ટરની નિમણૂંક થતી નહોતી જેના કારણે ફાર્માસીસ્ટો અને મેડીકલ સ્ટોર્સના સંચાલકો ખુલ્લેઆમ કાયદાનો ભંગ કરી રહ્યા હતા. ફાર્માસીસ્ટ એસોસિએશનના પ્રવિણ રામ દ્વારા આ બાબતે છેલ્લા એક વર્ષથી આંદોલન છેડવામાં આવ્યું હતું. જેને સફળતા મળી છે અને રાજ્યમાં ફાર્માસી ઈન્સ્પેક્ટરની નિમણૂંક કરવામાં આવી છે.

ફાર્મસી એક્ટના સેક્શન ૪૨ પ્રમાણે ફાર્મસી ઈન્સ્પેક્ટરની નિમણૂંક કરવામાં આવે છે જેના દ્વારા લાયસન્સ ભાડે આપનાર ફાર્માસીસ્ટની તપાસ કરી શકાય છે. પ્રવિણ રામ દ્વારા છેલ્લા એક વર્ષથી આરંભાયેલ આંદોલનમાં ૧૭૦૦૦ જેટલા લોકો જોડાતા ગુજરાત ફાર્માસીસ્ટ એસોસિએશનની રચના કરાઈ છે. આ લડતમાં સ્ટેટ ફાર્મસી કાઉન્સિલથી લઈને આરોગ્યમંત્રી, કલેક્ટર, ફૂડ કમિશનર, મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી સુધી આવેદનપત્રો અપાયા અને રેલીઓ કાઢવામાં આવી જેની ફલશ્રુતિ સ્વરૂપે સરકારે એસોસિએશનની માંગણીઓનો સ્વીકાર કર્યો છે. સરકાર દ્વારા ફાર્મસી ઈન્સ્પેક્ટરની નિમણુંક, ફાર્માસીસ્ટે મેડિકલ સ્ટોર્સ પર ફરજિયાત હાજર રહેવું, હાજર ના રહેનાર ફાર્માસીસ્ટનું લાયસન્સ રદ કરવું, ફાર્માસીસ્ટ પ્રિસ્ક્રીપ્શનમાં ફેરફાર કરી શકશે જેવા મુદ્દાઓને સમાવતો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયના કારણે ગુજરાતના ૪ હજાર મેડિકલ સ્ટોર્સ પર ફાર્માસીસ્ટની નિમણુંક કરવાની ફરજ પડી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ફાર્માસીસ્ટ એસોસિએશનની ફરિયાદના આધારે ગુજરાત સરકારે ૧૪૦૦ મેડીકલ સ્ટોર્સને ફાર્માસીસ્ટની ગેરહાજરી બાબતે નોટીસ પણ પાઠવી હતી.

### વોન્ટેડ ઘરફોડીયો પોલીસના હાથે ઝડપાયો

ગાંધીનગર, તા.૧૪

શહેરના સેક્ટર-૭ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં અગાઉ ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલો ભગો ઉર્ફે સુરજ છોટુ દંતાણી ઘણા સમયથી નાસતો ફરતો હતો. સે-૭ પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ ઘરફોડીયો ભગો સાબરમતી પોલિસ મથકના પીએસઆઈ ચાવડાના સકંજામાં આવી ગયો છે. તેની ધરપકડ કરીને સે-૭ પોલીસને ઘરફોડીયો સોંપવામાં આવ્યો છે. ભગો ઉર્ફે સુરજની સઘન પુછપરછમાં અન્ય કેટલાક ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી શકયતાના પગલે સે-૭ પોલીસે ઝીણવટભરી તપાસ આરંભી છે.

# શહેર કોંગ્રેસે ભીમ જયોત યાત્રાનું ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું

## શહેરના અલગ-અલગ વિસ્તારમાં કોંગ્રેસ અગ્રણીઓએ સ્વાગત કર્યું : સમગ્ર શહેરમાં યાત્રા નિકળી

ગાંધીનગર, તા. ૧૪

રાજયના અલગ-અલગ જિલ્લાઓમાં પ્રદેશ કોંગ્રેસ દ્વારા ભીમ જ્યોત યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ભીમ જ્યોત યાત્રા આજે ગાંધીનગર શહેરમાં પ્રવેશી હતી. જેનું શહેર જિલ્લા કોંગ્રેસ દ્વારા ઉત્સાહભેર સવારે ૧૧.૩૦ કલાકે વાવોલ ફાટક પાસેથી યાત્રા નગરમાં પ્રવેશતા કોંગ્રેસના આગેવાનો પ્રમુખ મુકેશ પટેલ, ધારાસભ્ય કામિનાબા રાઠોડ, અમિત ચૌધરી, પૂર્વ ધારાસભ્ય સી.જે. ચાવડા, રમીલાબેન ચૌધરી સહિતના કાર્યકરોએ ધામધૂમથી શ્રીમાળીએ ભીમયાત્રાનું સ્વાગત કર્યું હતું.

ભીમયાત્રા બપોરે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે રોકાઈ હતી. જ્યાં ગુજરાતની સંસ્કૃતિ સમો લોક ડાયરો યોજાયો હતો. સૌ કાર્યકરો ડાયરાની મોજ માણી રિફ્રેશ થઈ ગયા હતા.



સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યાત્રાએ શહેરના વિવિધ રૂટ ઉપર પરિભ્રમણ કર્યું હતું.

ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિના ૧૨૫માં વર્ષ નિમિત્ત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે પ્રદેશ કોંગ્રેસ દ્વારા બાબા સાહેબને યાદ કરવા સમગ્ર રાજ્યમાં ભીમ જ્યોત યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે ભીમજ્યોત યાત્રા પાટનગરમાં પ્રવેશી હતી.

સેક્ટર-૧૨ પથિકાશ્રમ સર્કલે કોર્પોરેટર પિન્કી પટેલ, હિંમતભાઈ મેકવાન, સેક્ટર-૧૩ ખાતે કોર્પોરેટર અશોક શ્રીમાળી, અનિતા સોલંકી, સે. ૧૨ છાપરા ખાતે અમૃતભાઈ રાઠોડ, સે. ૨૪-૨૫ સર્કલે ઈન્દુબેન રાવલ, સે. ૧૪ ખાતે ચિમન વિંઝુડા, નરેશ પરમાર, સે. ૨૪-૨૭ સર્કલ પાસે રાજેન્દ્રસિંહ ચાવડા, હેનીશ રાઠોડ, સેક્ટર-૨૨ પંચદેવ મંદિરે જશીબેન સ્વાગત કર્યું હતું. ત્યારબાદ યાત્રાએ શહેરના માર્ગો પર આગળ વધી હતી. ત્યારબાદ ડૉ. બાબા સાહેબની વિધાનસભા સામેની પ્રતિમાને ફૂલહાર કરવામાં આવ્યા હતા. તેમજ બંધારણની પૂજા-અર્ચના કરવામાં આવી હતી.

યાત્રા સેક્ટર-૭ શોપીંગ સેન્ટર પાસે પસાર થઈ સેક્ટર-૫, સેક્ટર-૨૩, સેક્ટર-૨, ચ-૦ સર્કલથી ચાંદખેડા તરફ પ્રસ્થાન કર્યું હતું. આ ભીમ યાત્રામાં શહેર અને જિલ્લા કોંગ્રેસના મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ખાનગી વાહન પર 'P' લખાવીને ફરતા પોલીસકર્મીઓ પણ દંડાયા

## એએસપીની ડ્રાઈવમાં ઝપટે ચઢેલા પોલીસને ઓફીસ બોલાવીને દંડ ફટકારવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર એસી.પી.ની સુચનાથી પોલીસ કર્મચારીઓના વાહનો પર ખાસ ચેકીંગ કરી સર્વ પ્રથમ પોલીસના વાહનો પરથી અનધિકૃત લખાણો, ફેન્સી નંબર પ્લેટ હટાવવા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ત્યારે એએસપી કરણરાજ વાઘેલાએ યોજેલી ટ્રાફીક ડ્રાઈવમાં જે પોલીસના લખાણ દર્શાવતા વાહનચાલકો પકડાયા તે પૈકીના તમામ પોલીસ કર્મીઓને ઓફીસ બોલાવીને દંડ ફટકારવામાં આવ્યા હતા અને લખાણો દૂર કરવામાં આવ્યા હતા.

ખાનગી વાહનો પર 'P'' 'પોલીસ' કે રેડ-બ્લ્યુ પટ્ટી લગાવીને પોલીસની ઓળખ આપવા લગાડવામાં આવતા સ્ટીકર હટાવવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ત્યારે જિલ્લાના તમામ પોલીસમથકના ઈન્ચાર્જ પોતાના થાણાના કર્મચારીઓના વાહનોનું ચેકીંગ કરી સંખ્યાબંધ પોલીસ કર્મીના વાહન પરથી ફેન્સી નંબર પ્લેટ તથા રેડ-બ્લ્યુ સ્ટીકર હટાવી દંડ ફટકાર્યો છે. તે ઉપરાંત એએસપી કરણરાજ વાઘેલાની ટ્રાફીક ડ્રાઈવમાં પોલીસના ઓળખ દર્શાવતા સ્ટીકર વાળા પકડાયેલા વાહનો પૈકી કેટલા વાહનો ખરેખર પોલીસના છે તે તપાસ્યા હતા અને તે તમામ પોલીસ કર્મચારીઓને પોતાની ઓફીસે બોલાવીને સ્ટીકરો કઢાવ્યા બાદ દંડની પાવતી ફટકારવામાં આવી હતી તે ઉપરાંત હવેથી આવા કોઈ સ્ટીકર નહી ચીપકાવવા પણ કડક સુચના આપી હતી.

# જૈન સોશ્યલ ગૃપનો સ્થાપના દિવસ મનાવાયો

ગાંધીનગર, તા.૧૪

શહેરની જૈન સોશ્યલ ગૃપનો ૩૪મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો. સંસ્થાએ ૩૩ વર્ષ પૂર્ણ કરી ૩૪માં વર્ષમાં પ્રવેશ કર્યો હતો. ટાઉનહોલ ગાંધીનગર ખાતે સ્થાપના દિવસ નિમિત્તે નયનને બંધ રાખીને કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મુંબઈના પ્રજ્ઞાચક્ષુ કલાકારોએ ટાઉનહોલમાં સુર રેલાવ્યા હતા.

સ્થાપના દિવસ નિમિત્તે સંસ્થાના સ્થાપક પ્રમુખ સુર્યકાન્તે સંસ્થાની વિકાસની વાત રજૂ કરી હતી. આર.ડી. ગાંધીએ સંસ્થાની ડીરેકટરીને લગતી માહિતી આપી હતી. અરવિંદ શાહે જીવનસાથી પરિચય મેળાની માહિતી આપી હતી આશાબેન સરવૈયાએ આભાર વ્યકત કર્યો હતો.

# જાગૃત નાગરિક પરિષદની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક આગામી ૧૬ જૂન મંગળવારે સાંજે ૬-૦૦ વાગે પ્લોટ નં. ૨૮૨/૧, સેકટર-૭-એ ગાંધીનગર ખાતે યોજાશે. બેઠકમાં અગત્યના મહત્વના નિર્ણયો લેવામાં આવનાર છે. જેથી તમામ સભ્યોએ સમયસર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.



## જાખોરા (રાજપુર) ગામે યુવા સંવાદ કાર્યક્રમ યોજાયો

આજે ગાંધીનગર જિલ્લાના ભારતીય જનતા યુવા મોરચા દ્વારા જાખોરા (રાજપુર) ખાતે યુવા સંવાદ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સંવાદનો હેતુ યુવાનો ગ્રામ ઉત્થાનમાં વેગવંતા બને અને ગ્રામલક્ષી વિકાસમાં સહભાગી બનવા પ્રોત્સાહિત થાય તે માટેનો હતો. આદર્શ ગામ જાખોરામાં યોજાયેલ યુવા સંવાદ દ્વારા ગામના પ્રશ્નો તાલુકા, જિલ્લા રાજય અને કેન્દ્ર કક્ષાએ પહોંચાડવા યુવાનો સક્રિય ભૂમિકા ભજવે. રાષ્ટ્રના વિકાસમાં યુવાઓ તત્પર બની તેમના પ્રતિભાવો-અભિપ્રાયો સાથે સમાધાનકારી વલણ અપનાવી આવા કાર્યક્રમો માટે હંમેશા તૈયાર રહેવા કટિબધ્ધતા વ્યકત કરાઈ હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્ય પૂનમભાઈ મકવાણા, શંભુજી ઠાકર, સહકારી આગેવાન કોદરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. યુવા સંવાદમાં મોટી સંખ્યામાં જાખોરા (રાજપુર) ગામના યુવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# વધુ એકવાર વાદળો ઘેરાયા અને વિખરાઈ ગયા

## બપોર સુધી આકાશમાં છુટાછવાયા વાદળો : મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સે. : સાંજે વાદળો ઘેરાતા વરસાદ તો ન થયો પરંતુ વાતાવરણમાં ઠંડક છવાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં આજે સવારથી આકાશમાં વાદળોની છુટી છવાઈ હાજરી જોવા મળી હતી. બપોર પછી સાંજના સમયે આકાશમાં વાદળો ઉમટી આવ્યા હતા. પરંતુ વરસાદની આશા વધુ એકવાર ઠગારી નીવડી હતી. વાતાવરણમાં આજે ઉષ્ણતાપમાન મહત્તમ ૩૮ ડિગ્રી સે. નોંધાયું હતું અને લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રી સે. રહેવા પામ્યુ હતું.

વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૬૮ ટકા હતુ જે સાંજે ઘટીને ૪૪ ટકા રહ્યું હતું. બપોર પછી આકાશમાં વાદળો ઉમટી આવતા ઠંડકનો માહોલ છવાઈ ગયો હતો પરંતુ વરસાદના આગમનની મીટ માંડીને બેઠેલા નગરજનોની આશા આજે પણ નિરાશામાં પરિવર્તિત થવા પામી હતી. આજે સવારથી આકાશ મહદ્અંશે ચોખ્ખું જોવાયું હતુ અને ક્યાંક ક્યાંક છુટા છવાયા વાદળો જોવામાં આવ્યા હતા. બપોરના સમયે સૂરજદાદાનો તડકો ખિલી ઉઠ્યો હતો. જેના પ્રતાપે મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સે. સુધી પહોંચી ગયું હતું. જો કે આજે રવિવાર રજાનો દિવસ હોવાથી મોટે ભાગે નગરજનોએ બપોરના સમયે પોતાના ઘરોમાં જ પુરાઈ રહેવાનું મનાસિબ માન્યું હતું.

હવામાનશાસ્ત્રીઓના અનુમાન મુજબ આજથી વરસાદનો પ્રારંભ થઈ શકે તેવી આગાહી હોવાથી નગરજનો રજાના દિવસે મેઘરાજાને વધાવવા થનગની રહ્યા હતા. પરંતુ એવું લાગે છે કે આ વર્ષે મેઘરાજા મહેર કરવામાં વધુ વિલંબ કરી રહ્યાં છે. સાંજના સમયે પણ વાદળો ઘેરાતા ઘણા નગરજનો ખાસ કરીને મહિલાઓ અને બાળકો મકાનની આગાશીઓ અને ધાબાઓ પર ચઢી વરસાદને સત્કારવા તૈયાર થયા હતા. જો કે વરસાદ ના આવતા સૂર્યાસ્ત સમયે વાદળો વચ્ચે સૂરજદાદાની સંતાકૂકડીથી સર્જાયેલા નયનરમ્ય દશ્યો જોઈ તેમણે મન વાળ્યું હતું.

# માઈનોરીટી ડિપાર્ટમેન્ટના હોદ્દેદારોનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માઈનોરીટી ડિપાર્ટમેન્ટના હોદ્દાદારોનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ગુલબખાન કે. રાઉમા ચેરમેનના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

સેકટર-૨૨ કોંગ્રેસ કાર્યાલય ખાતે ગઈ કાલે શનિવારે ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માઈનોરીટી ડિપાર્ટમેન્ટના નવ નિયુકત હોદ્દેદારોનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં ગાંધીનગર શહેર જિલ્લાના ચેરમેન હિંમતભાઈ મેકવાન અને અબ્દુલ રજાક આર. પઠાણનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ અન્ય હોદ્દેદારોમાં યુસફખાન પઠાણ, જયાબેન લાડ, ઈમરાનખાન પઠાણ, નાશીરશાહ દિવાન, શાંતિલાલ પરમાર, ઈસુદાસ સાગર, કિરીટભાઈ પરેરા અને ઈરફાન ભાનાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવ નિયુકત શહેર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીનું ફુલહાર પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. સૂર્યસિંહે પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે સૌ કાર્યકરોએ ખભેથી ખભો મિલાવી કોંગ્રેસને મજબૂત કરવા સહભાગી થવું જોઈએ.

માઈનોરીટી ડિપાર્ટમેન્ટના ચેરમેન મતભેદ-મનભેદ દુર કરી હળીમળીને કામ કરવું જોઈએ તેમ જણાવી કોંગ્રેસનું સંગઠન વધુ મજબૂત કરવા આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે ગુલાબખાન પઠાણ, કામિનીબા રાઠોડ, ધારાસભ્ય - દહેગામ, નિશીતભાઈ વ્યાસ- મહામંત્રી, મુકેશ પટેલ-પ્રમુખ શહેર કોંગ્રેસ, વિક્રમસિંહ ખાચર સહિત મોટી સંખ્યામાં માઈનોરીટી ડિપાર્ટમેન્ટના સભ્યો અને કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

**સૂર્યોદય : ૫.૫૫**
**સૂર્યાસ્ત : ૭.૨૭**

### તાપમાન

**મહત્તમ : ૩૮.૦ ડિ.સે.**
**લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.**

### ભેજનું પ્રમાણ

**સવારે ૬૮ ટકા ● સાંજે ૪૪ ટકા**

### મનોરંજન

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૧ :**
હમારી અધુરી કહાની : ૩૬.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**
હમારી અધુરી કહાની : ૧૨.૪૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૩.૩૦, ૧૦.૦૦
દિલ ધડકને દો : ૬.૩૦

**સ્ક્રીન-૩ :**
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૩ડી : ૧૨.૧૫. ૭.૪૫
જુરાસિક વર્લ્ડ (અંગ્રેજી) ૩ડી : ૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
તનુ વેડ મનુ ૨ : ૧૨.૪૫, ૬.૪૫
દિલ ધડકને દો : ૩.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૫ :**
હમારી અધુરી કહાની : ૧૦.૦૦, ૩.૪૫
દિલ ધડકને દો : ૧૨.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : મનોકૂળ કાર્ય થવાનો યોગ. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મેળવી શકાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. શારીરિક પીડામાંથી રાહત મેળવી શકાય.

**વૃષભ** : કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બની રહે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છએ. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. સમય શુભ.

**મિથુન** : વાહન -જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી રહે.

**કર્ક** : માનસિક ચિંતા હળવી બનતી જણાય. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**સિંહ** : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. સંઘર્ષ ટાળવો. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. ભાગ્યોદયનો સાથ મળી રહે.

**કન્યા** : કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધન લાભ થઈ શકે છે. અકંદરે સમય સાનુકૂળ રહે.

**તુલા** : નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન -જમીનનાં પ્રશ્નોનું નિરાકણ થઈ શકે છે. સમય શુભ.

**વૃશ્ચિક** : સંતાન સંબંધી પ્રશ્નોનનો ઉકેલ આવી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી સાબિત થઈ શકે છે.

**ધન** : સ્નેહી- મિત્રજનો સાથે યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**મકર** : માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે. વેપાર અર્થે નવા રોકાણો થઈ શકે છે.

**કુંભ** : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવકના સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં સમય પ્રગતિદાયક બની રહે.

**મીન** : આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

### ચિરવિદાય

- સ્વ. વસંતરાય લીલાધર જોશી (ઉ.વ.૯૧) પ્લોટ નં. ૧૩૫/૧, સેકટર-૩એ, ગાંધીનગર
- સ્વ. પ્રતાપજી ઉદાજી ઠાકોર (ઉ.વ.૫૦) મુ. શિહોલી મોટી, તા.જી. ગાંધીનગર
- સ્વ. લસીબેન કાળાજી ઠાકોર (ઉ.વ.૮૦) મુ. હાલીસા, તા. દહેગામ, જી. ગાંધીનગર